# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1) કતારના આમિર શેખ તમીમ બિન હમદ અલથાની અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે નવી દિલ્હીમાં બેઠક શરૂ.

2) જમ્મુ-કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં બેઠક શરૂ.

3) થાપણ વીમાની મર્યાદા 2 લાખ થી વધારી 5 લાખ રૂપિયા કરવાની સરકારની વિચારણા

4) રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIAએ પાકિસ્તાનને કર્ણાટકના નૌકાદળ મથકની સંવેદનશીલ માહિતી લીક કરનાર 2 વ્યક્તિની ધરપકડ કરી

5) ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અત્યાર સુધીના પરિણામોમાં ભાજપ મોટા ભાગની બેઠકો પર જીત તરફ અગ્રેસર

6) વડોદરામાં આજે મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPLમાં ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# QATAR AMIR YATRA

ભારતના 2 દિવસના રાજકીય પ્રવાસ આવેલા કતારના આમિર શેખ તમીમ બિન હમદ અલથાની અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં બેઠક હાલ ચાલી રહી છે. દરમિયાન બંને દેશ વચ્ચેના સંબંધ વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરાશે. આ પહેલા રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી અલથાનીનું ઔપચારિક સ્વાગત કરાયું હતું. શ્રી અલથાની આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પણ મળશે. તેમના સન્માનમાં ભોજનનું પણ આયોજન કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, ભારત અને કતાર વચ્ચે મજબૂત આર્થિક ભાગીદારી છે, જેના કારણે વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષી વેપાર વધી રહ્યો છે. કતારની કંપનીઓએ દેશની ટેક્નોલૉજી, માળખાગત સુવિધાઓ અને ઉત્પાદન ઉદ્યોગમાં મહત્વનું રોકાણ કર્યું છે. જ્યારે ભારતીય કંપનીઓએ કતારમાં મજબૂત હાજરી સ્થાપિત કરી છે.

# PIYUSH GOYAL-SHEIKH FAIZAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને કતારના સમકક્ષ શેખ ફૈઝલ બિનથાની બિન ફૈઝલ અલથાનીએ ભારતીય ઉદ્યોગ સંઘ-C.I.I. દ્વારા આયોજિત ભારત-કતાર સંયુક્ત વ્યાપાર મંચના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. દરમિયાન, બન્ને દેશ વચ્ચે બે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

પત્રકારો સાથેની મુલાકાતમાં, શ્રી ગોયલે ભારત અને કતાર વચ્ચેના ઐતિહાસિક સંબંધ અને સહયોગની વિશાળ સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે ભાર મૂક્યો કે બંને દેશ નવી ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I.માં વૈશ્વિક પ્રગતિને અનુરૂપ પોતાના સંબંધને મજબૂત બનાવવા પ્રતિબદ્ધ છે

# SHAH JK CRIMINAL LAW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જમ્મુ-કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે નવી દિલ્હીમાં સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને વરિષ્ઠ અધિકારી ઉપસ્થિત છે. બેઠકમાં જમ્મુ-કાશ્મીરમાં પોલીસ, જેલ, કાર્યવાહી અને ન્યાયસહાયક સંબંધિત વિવિધ નવી જોગવાઈના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે.

ગયા વર્ષે પહેલી જુલાઈએ દેશભરમાં અમલમાં આવેલા નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો ઉદ્દેશ દેશની કાયદાકીય પ્રણાલીને વધુ પારદર્શક, કુશળ અને સમકાલીન સમાજની જરૂરિયાતોને અનુરૂપ બનાવવાનું છે.

# PM - FASAL BIMA YOJANA

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના -PMFBY ને આજે નવ વર્ષ પૂર્ણ થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2016 માં આ યોજના શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય કુદરતી આફતોને કારણે થતા પાકના નુકસાન અને નુકસાનનો ભોગ બનેલા ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

આ યોજનાએ નવીન કૃષિ પદ્ધતિઓ અપનાવવાને પ્રોત્સાહન આપવાની સાથે ખેડૂતોની આવક સ્થિર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. યોજનાની સફળતા અને સંભાવનાને ઓળખ્યા પછી, કેન્દ્રીય મંત્રીમંડળે 2025-26 સુધી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને પુનર્ગઠિત હવામાન આધારિત પાક વીમા યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, જેનું કુલ બજેટ 69 હજાર 515 કરોડ રૂપિયાથી વધુ છે.

# DEPOSIT GUARANTEE

કેન્દ્ર સરકારે બેન્ક ગ્રાહકોની સુરક્ષાને લઈ કડક વલણ અપનાવ્યું છે. નાણાંકીય સેવા વિભાગના સચિવ એમ.નાગરાજને કહ્યું, સરકાર થાપણ વીમાની મર્યાદા 2 લાખ થી વધારી 5 લાખ રૂપિયા કરવા વિચારણા કરી રહી છે. મુંબઇમાં સુક્ષ્મ લઘુ મધ્યમ ઉદ્યોગ- MSME માટે પારસ્પરિક જમા ગેરંટી યોજનાના શુભારંભ પ્રસંગે શ્રી નાગરાજને જણાવ્યું કે આ પ્રસ્તાવ પર કામ ચાલી રહ્યું છે.

# IT MINISTRY DBIM

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટૅક્નોલૉજી મંત્રાલય આજે નવી દિલ્હીમાં ડિજિટલ બ્રાન્ડ ઓળખ મેન્યુઅલ- D.B.I.M. રજૂ કરશે. તેના માધ્યમથી સરકારી વૅબસાઈટ્સ અને ડિજિટલ પ્લેટફૉર્મમાં સમાનતા લાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. D.B.I.M. એક સુસંગત ડિજિટલ ઓળખના મુખ્ય તત્વોને પરિભાષિત કરે છે, જેમાં દ્રશ્ય ઓળખ સામેલ છે. આ ઓળખ પ્રતિક, રંગ પેલેટ, ટાઈપોગ્રાફી અને ઈમેજરીની સાથે-સાથે બ્રાન્ડ વૉયર્સ, મેસેજિંગ ફ્રેમવર્ક અને ટૅગલાઈન જેવા ઘટકોમાં સમાયેલી છે. આ દિશા-નિર્દેશનો ઉદ્દેશ નાગરિકોની ભાગીદારી વધારવા અને સેવા વિતરણમાં ઉપયોગકર્તાના અનુભવને વધુ સારો બનાવવાનો છે.

મંત્રાલયે જણાવ્યું કે, આ પહેલ ટૅક્નોલૉજીના માધ્યમથી શાસનમાં પરિવર્તન લાવવા, સુલભતા, કાર્યક્ષમતા અને નાગરિક મૈત્રીપૂર્ણ ડિજિટલ અનુભવને સુનિશ્ચિત કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દ્રષ્ટિને અનુરૂપ છે.

D.B.I.M.નો પ્રાથમિક ઉદ્દેશ ભારત સરકાર માટે એકીકૃત અને સુસંગત ડિજિટલ બ્રાન્ડ બનાવવાનો છે. નવી દિલ્હીમાં આજે યોજાનારા પહેલા મુખ્ય માહિતી કમિશનરોના સંમેલનમાં આ મહત્વપૂર્ણ પગલું રજૂ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NIA-KARNATAKA ARREST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIAના અધિકારીઓએ પાકિસ્તાનને કર્ણાટકના કારવાર નૌકાદળ મથક સંબંધિત સંવેદનશીલ માહિતી લીક કરવા બદલ 2 વ્યક્તિઓની ધરપકડ કરી છે. હૈદરાબાદથી આવેલી ટૂકડીએ આરોપીઓને કસ્ટડીમાં લીધા છે.

સૂત્રોએ જણાવ્યું કે, સત્તાવાળાઓને શંકા છે કે, પાકિસ્તાની એજન્સીઓએ હની ટ્રેપિંગ દ્વારા આરોપીઓને ફસાવ્યા હતા. પાકિસ્તાનની મહિલા એજન્ટે આરોપીઓ અંગેની માહિતી એકત્ર કરી હતી અને ફેસબુક ફ્રેન્ડ બનાવીને કારવાર નૌકાદળ મથકની સંવેદનશીલ માહિતી મેળવી હતી.

# LOCAL BODY ELECTION RESULT

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ જૂનાગઢ મહાનગર પાલિકા અને 66 નગરપાલિકાની ચૂંટણીમાં સરસાઇ ભોગવી રહ્યુ હોવાના છેલ્લા અહેવાલ મળી રહ્યાં છે. આજે સવારથી 66 નગરપાલિકાની સામાન્ય બે નગરપાલિકાની મધ્યવર્તી ચૂંટણી સહિતની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે મતગણતરી શરૂ થઇ હતી.

અત્યાર સુધી મળેલા અહેવાલ અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપ ફરી વિજય તરફ આગળ છે.. અત્યાર સુધીના અહેવાલ અનુસાર 60 બેઠક માટેની ચૂંટણીમાંથી 48 બેઠક ઉપર ભાજપ અગ્રેસર છે જ્યારે અગિયારમાં કોંગ્રેસનો અને એકમાં અપક્ષ આગળ છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમના છૂટાછવાયા ભાગમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. ઉપરાંત આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ અને મણિપુરના કેટલાક ભાગમાં આજે વીજળી સાથે વાવાઝોડાનો અનુભવ થવાની પણ શક્યતા છે.

દરમિયાન મહત્તમ તાપમાન 28 અને લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે.

# WPL

ગુજરાતનાં વડોદરામાં આજે મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPLની પાંચમી મેચ રમાશે. ગુજરાત જાયન્ટ્સની ટીમ એશલી ગાર્ડનર અને મુંબઈ ઈન્ડિયન્સ હરમનપ્રીત કૌરની આગેવાનીમાં મેદાનમાં ઉતરશે. આ મેચ સાંજે સાડા 7 વાગ્યે શરૂ થશે.

અગાઉ 15 ફેબ્રુઆરીએ મુંબઈ ઈન્ડિયન્સ દિલ્હી કૅપિટલ્સ સામેની મેચમાં 2 વિકેટથી હારી ગયું હતું. પહેલા બેટિંગ કરતાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કૅપિટલ્સને 165 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. દિલ્હી કૅપિટલ્સે સરળતાથી આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ગઈકાલે વડોદરામાં WPLની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને 8 વિકેટથી પરાજય આપ્યો હતો.

# CANADA - PLAIN CRASH

કેનેડાના ટોરોન્ટોમાં મિનિયાપોલિસથી આવી રહેલું વિમાન લેન્ડિંગ દરમિયાન તૂટીપડયું હતું. જોકે વિમાનમાં સવાર તમામ 80 મુસાફરો ચમત્કારિક રીતે બચી ગયા છે, જ્યારે 18 લોકો ઇજાગ્રસ્ત થયા છે. આ સમય દરમિયાન, ક્રૂ મેમ્બર્સે સતર્કતા દાખવી અને મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં મદદ કરી હતી.

આ ઘટના અસામાન્ય હતી, કારણ કે મોટા પેસેન્જર વિમાનનું પલટી જવું દુર્લભ માનવામાં આવે છે. કેનેડિયન પરિવહન સુરક્ષા બોર્ડ યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા બોર્ડ અકસ્માતની સંપૂર્ણ તપાસ કરશે. ડેલ્ટા એરલાઇન્સના મુખ્ય કાર્યકારી અધિકારી - CEO એડ બાસ્ટિયનએ એક નિવેદન જારી કરીને કહ્યું કે તેઓ ઘટનાની તમામ વિગતોની પુષ્ટિ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.